| GJMH090008922024 | **Criminal Case No. 643 of 2024**<br><br>**BHORNIYA ABDULBHAI SULEMANBHAI**<br><br>**... Complainant**<br><br>**vs.**<br><br>**KHATAKI SATARBHAI SARFARAJBHAI**<br><br>**.... Accused** |
|---|---|

*ફોર્મ - એ, નિ.179A, ક્રિ.મેન્યુલ*

**વડનગરના મહેરબાન જયુડિશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટમાં, મુ. વડનગર, જી.મહેસાણા**

| | | |
|---|---|---|
| **ચુકાદાની તારીખ** | 06/04/2026 | |
| **ફોજદારી કેસ નંબર** | 643 of 2024 | આંક - ૩૬ |
| **ગુનો** | **ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ્સ એક્ટ 1881 ની કલમ 138 મુજબ** | |
| **ફરિયાદી** | **અબ્દુલભાઇ સુલેમાનભાઇ ભોરણીયા,**<br>**ઉ.વ.આ.૫૪,ધંધો-વેપાર,**<br>**રહે.સાઉદીવાસ,મુ.મોલીપુર,તા.વડનગર,જિ.મહેસાણા** | |
| **ફરિયાદી તરફે** | વિદ્વાન વકીલ **શ્રી એમ.જે.પ્રજાપતિ** | |
| **આરોપી** | **ખાટકી સતારભાઇ સરફરાજભાઇ તે કેજીએન મટન શોપના પ્રોપરાઇટર,**<br>**ઉ.વ.આ.૩૮,ધંધો-વેપાર,**<br>**રહે.ખાટકી વાસ,મુ.તા.ખેરાલુ,જિ.મહેસાણા** | |
| **આરોપી તરફે** | વિદ્વાન વકીલ શ્રી **આઇ.એ.મનસુરી** | |

*ફોર્મ - બી, નિ.179A, ક્રિ.મેન્યુલ*

| | |
|---|---|
| **ફરિયાદ દાખલ કર્યા તારીખ** | 21/09/2024 |
| **આરોપીના જવાબની તારીખ** | 15/02/2025 |

| | |
|---|---|
| **પુરાવો શરૂ થયાની તારીખ** | 15/02/2025 |
| **હુકમ માટે રાખ્યાની તારીખ** | 06/04/2026 |
| **ચુકાદાની તારીખ** | 06/04/2026 |
| **સજા કર્યાની તારીખ** | 06/04/2026 |

## આરોપીની માહિતી

| **આરોપી નંબર** | **આરોપીનું નામ** | **આરોપી સામે ગુનો** | **નિર્દોષ ઠરાવ્યા કે તકસીરવાન** | **સજા** | **ફો.કા. સંહિતાની કલમ 428 પ્રમાણે જેલમાં ગાળેલ સમયગાળો** |
|---|---|---|---|---|---|
| 1 | **ખાટકી સતારભાઇ સરફરાજભાઇ** | ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ્સ એક્ટ 1881ની કલમ 138 મુજબ | તકસીરવાન | એક વર્ષની સાદી કેદની સજા અને ₹95,000/- (એક પંચાણુ હજાર પુરા) વળતર | None |

*ફોર્મ - સી નિ.179 A, ક્રિ.મેન્યુલ*

## ફરિયાદપક્ષ/બચાવપક્ષ/અદાલતના સાહેદોની યાદી

### અ. ફરિયાદપક્ષના સાહેદો

| **સાહેદ નંબર** | **આંક નંબર** | **નામ** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|---|
| **1** | **૦૪** | **અબ્દુલભાઇ સુલેમાનભાઇ ભોરણીયા** | **ફરિયાદી** |

## ફરિયાદપક્ષ/બચાવપક્ષ/અદાલતના આંકની યાદી

### અ. ફરિયાદપક્ષ:

| ક્રમ નંબર | આંક નંબર | વિગતો | તારીખ |
|---|---|---|---|
| 1 | 26 | આરોપીએ ફરિયાદીને આપેલ ચેક નં.000007 | 28/05/2024 |
| 2 | 27 | તકરારી ચેક બેન્કમા ભર્યાની ડીપોઝીટ સ્લીપ | 28/05/2024 |
| 3 | 28 | ચેક બેંકમાં બિન ચૂકવે પરત થયાનો રીટર્ન મેમો | 31/05/2024 |
| 4 | 29 | ચેક રીટર્ન થયાની જાણ કરતો બેન્કનો પત્ર | 10/06/2024 |
| 5 | 30 | નોટીસની સ્થળપ્રત | 19/06/2024 |
| 6 | 31 | પોસ્ટની આર.પી.એ.ડી.કરેલ સ્લીપ | 19/06/2024 |
| 8 | 32 | આરોપીને આપેલ નોટીસ બજી ગયા અંગેની એકનોલેઝમેન્ટ સ્લીપ | 20/06/2024 |
| 9 | 33 | આરોપીને આપેલ નોટીસ બજી ગયા અંગેનો પોસ્ટનો ઓનલાઇટ ટ્રેક કન્સાઇનમેન્ટ રીપોર્ટ | 20/06/2024 |

## ચુકાદો

**ફરિયાદ પક્ષની ટૂંકમાં હકીકત:**

1. **કેસની ટૂંકમાં હકીકત ધ્યાને લેતાં આ કામે ફરિયાદી દ્વારા હાલની ફરિયાદ આરોપી સામે ઘી નેગોશીએબલ ઇન્સટ્રુમેન્ટ એકટની કલમ-138ના ગુના અંગે દાખલ કરી ફરિયાદમાં મુખ્યત્વે જણાવેલ છે કે,** ફરીયાદી મોજે મોલીપુર મુકામે રહે છે અને પશુપાલન તથા પશુઓ ની લે-વેચ નો વેપાર કરે છે અને ખેતી કરે છે. આરોપી તા.૨૫/૦૩/૨૦૨૪ ના રોજ ફરીયાદી ના ત્યાં મોલીપુર મુકામે આવેલા અને આરોપીએ ફરીયાદીનાના ત્યાંથી ૨૨ નંગ નાના મોટા બકરાઓ વેચાણથી ખરીદેલા અને તે ૨૨ નંગ બકરાઓની કુલ વેચાણ કિં.રૂા.૧,૯૫,૦૦૦/- અંકે રૂપિયા એક લાખ પંચાણુ હજાર થયેલ. જેથી આરોપીએ ફરીયાદીને બકરાઓના વેચાણ અવેજ પેટે તા.૨૭/૦૪/૨૦૨૪ નો રૂ.૧૦૦,૦૦૦/- અંકે રૂપિયા એક લાખ નો ચેક નં.૦૦૦૦૦૭ નો આઈ.ડી.એફ.સી ફસ્ટ બેંક લી,ખેરાલુ શાખા નો ચૈક KGN MUTTON SHOP નો સિકકો તથા

તેમની સહી કરીને ચેંક ની વિગત ભરીને આપેલો અને તા.૨૮/૦૫/૨૦૨૪ નો રૂ.૯૫,૦૦૦/- અંકે રૂપિયા પંચાણુ હજાર નો ચેક નં.૦૦૦૦૦૮ નો આઈ.ડી.એફ.સી ફસ્ટ બેંક લી, ખેરાલુ શાખાનો ચેક KGN MUTTON SHOP નો સિકકો તથા તેમની સહી કરીને ચેકની વિગત ભરીને આપેલો.અને આરોપીએ ફરીયાદીને વિશ્વાસ અને ભરોસો આપેલો કે સદરહુ ચેકો તમો ભરી દેજો તમોને તમારા નાણા મળી જશે.જેથી ફરીયાદીએ આરોપીની વાત ઉપર વિશ્વાસ અને ભરોસો રાખીને આરોપીએ ફરીયાદીને આપેલ તા.૨૮/૦૫/૨૦૨૪ નો રૂ.૯૫,૦૦૦/- અંકે રૂપિયા પંચાણુ હજાર નો ચેક નં.૦૦૦૦૦૮ નો આઈ.ડી.એફ.સી ફસ્ટ બેંક લી, ખેરાલુ શાખાનો નો ચૈક અમારા બેંક ઓફ બરોડા વડનગર શાખા ના ખાતા માં તા.૨૮/૦૫/૨૦૨૪ ના રોજ ભરેલો.પરંતુ આરોપીએ આપેલ ચેક" ઈનસફીસીયન્ટ ફંડસ " ના શેરા સાથે પરત ફરેલ.જેની જાણ ફરીયાદીને બેંક મારફતે તા. ૧૦/૦૬/૨૦૨૪ ના રોજ થયેલી.જેથી ફરીયાદીએ અમારા વકીલશ્રી મારફતે તા.૧૯ /૦૬ /૨૦૨૪ ના રોજ આરોપીને રજી.પો.એ.ડી. થી કાયદેસરની નોટીસ મોકલાવેલ જે નોટીસ આરોપીને તા.૨૦/૦૬/૨૦૨૪ ના રોજ બજી ગયેલ છે. તેમ છતાં આરોપીએ ફરીયાદીની કાયદેસરની લેણી રકમ ચુકવેલ નથી કે ચુકવવા તૈયાર નથી.આમ આરોપીનો ઈરાદો ફરીયાદીના વિશ્વાસ અને ભરોસાનો ભંગ કરી અમારી સાથે વિશ્વાસઘાત યાને છેતરપીડી કરવાનો હોય તેમ પ્રથમ દશનીય જણાય છે અને આરોપીએ આપેલ ચેક" ઈનસફીસીયન્ટ ફંડસ" ના શેરા સાથે પરત ફરેલ હોઈ આરોપીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબનો ગુનો કરેલ હોઈ હાલની આ ફરીયાદ કરવાની ફરજ પડેલ છે.

2. તારીખ-૨૧/૦૯/૨૦૨૪ ના રોજના હુકમથી આરોપી વિરુધ્ધ હાલની ફરિયાદનું સંજ્ઞાન લઇ તેઓ વિરુધ્ધ સમન્સ ઇશ્યુ કરવાનો હુકમ કરવામાં આવેલ છે. સમન્સની આરોપીને ધોરણસર બજવણી થતાં આરોપી કોર્ટ સમક્ષ હાજર થતાં તેઓને ફરિયાદ તથા સંલગ્ન દસ્તાવેજોની નકલો વિના મુલ્યે મળી ગયાની ખાત્રી કર્યા બાદ આરોપીની ઉપરોકત ગુના સંદર્ભે આંક-૧૦ થી તારીખ ૧૫/૦૨/૨૦૨૫ ના રોજ પ્લી રેકર્ડ કરવામાં આવતાં, આરોપીએ તેઓની વિરુધ્ધના ગુનાનો ઇન્કાર કરેલ છે. તેથી આરોપી સામે આગળની કાર્યવાહી સમન્સ ટ્રાયેબલ કેસની રીતે ચલાવવામાં આવેલ છે અને તે રીતે હાલનો કેસ સમન્સ ટ્રાયેબલ કેસની રીતે ચાલેલ છે.

3. આ કામે ફરીયાદપક્ષે પોતાનો કેસ સાબિત કરવા **આંક-૦૪** થી ફરિયાદીએ જુબાની આપેલ છે તેમજ ફોર્મ - સીમાં દર્શાવ્યા પ્રમાણેના દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરેલ છે. આરોપી તરફે આંક-૦૪ થી રજૂ થયેલ ફરિયાદીની સરતપાસ ઉપર ઉલટતપાસ કરવા અનેક મુદ્દત રાખવામાં આવેલ પરંતુ આરોપી દ્વારા અનેક મુદત છતાં ઉલટતપાસ ન કરતા તા.૨૮/૦૧/૨૦૨૬ ના રોજ ઉલટતપાસનો હકક બંધ કરવામાં આવેલ. આમ, વારંવાર તક મળવા છતાં આરોપી તરફે ફરિયાદીની સરતપાસ પર ઉલટતપાસ કરવામાં આવેલ નથી.
4. ત્યારબાદ ફરિયાદપક્ષે વિશેષ પુરાવો આપવો નથી તે મતલબની આંક-૩૪ થી પુરસીસ રજુ થતાં આરોપીનું **ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ -૩૫૧** મુજબનું વિશેષ નિવેદન નોંધવા કેસ મુલત્વી રાખવામાં આવેલ. પરંતુ આરોપી હાજર રહેલ નહિ.
5. આ તબક્કે નામદાર **કર્ણાટક હાઇકોર્ટનો *આર. વી. કુલકર્ણી વી. દક્ષિણા મૂર્તિ* [Cr. Rev. Petition No.437/2010 Judgment dated 28/06/2012] ના ચુકાદા**માં કલમ 313ના વિશેષ નિવેદન બાબતે કરેલ અવલોકન ધ્યાને લેવા જરૂરી છે જે નીચે મુજબ છે.

> *"4. Insofar as the non-compliance with reference to section 313 of the Cr.P.C. is concerned, the learned counsel would submit that the position in law is settled by a decision of a three-judge bench of the Supreme Court in the case of Basavaraj R Patil, (2000)8 SCC 740 and would draw attention to the relevant portion. The apex court, has extracted the text of Section 313 of the Cr.P.C, which this court may also usefully reproduce :*
>
> > *"313. Power to examine the accused - (1) In every inquiry or trial, for the purpose of enabling the accused personally to explain any circumstances appearing in the evidence against him, the court -*
> > *a) may at any stage, without previously warning the accused , put such questions to him as the court considers necessary;*
> > *b) shall, after the witnesses for the prosecution have been examined and before his is called on for his defence, question him generally on the case:*
> > *Provided that in a summons case, where the court has dispensed with the personal attendance of the accused, it may also dispense with his examination under clause (b). (2) No oath shall be*

*administered to the accused when he is examined under sub section (1).*

*(3) The accused shall not render himself liable to punishment by refusing to answer such questions, or by giving false answers to them.*

*(4) The answers given by the accused may be taken into consideration in such inquiry or trial, and put in evidence for or against him in any other inquiry into, or trial for, any other offence which such answers may tend to show he has committed."*

*The three-Judge Bench, in Basavaraj, supra, also took note of the decision of a three-Judge Bench in Shivaji Sahabrao Bobade vs. State of Maharashtra, (1973)2 SCC 793, wherein it was observed as follows:-*

*"It is trite law, nevertheless fundamental, that the prisoner's attention should be drawn to every inculpatory material so as to enable him to explain it. This is the basic fairness of a criminal trial and failures in this area may gravely imperil the validity of the trial itself, if consequential miscarriage of justice has flowed. However, where such an omission has occurred it does not ipso facto vitiate the proceedings and prejudice occasioned by suchdefect must be established by the accused. In the event of evidentiary material not being put to the accused, the court must ordinarily eschew such material from consideration. It is also open to the appellate court to call upon the counsel for the accused to show what explanation the accused has as regards the circumstances established against him but not put to him and if the accused is unable to offer the appellate court any plausible or reasonable explanation of such circumstances, the court may assume that no acceptable answer exists and that even if the accused had been questioned at the proper time in the trial court he would not have been able to furnish any good ground to get out of the circumstances on which the trial court had relied for its conviction."*

*Thereafter, the court has posed to itself the question as to what is the object of examination of the accused under Section 313 of the Criminal Procedure Code, 1973 and has answered thus:-*

> *"18....The section itself declares the object in explicit language that it is " for the purpose of enabling the accused personally to explain any circumstances appearing in the evidence against him". In Jai Dev v. State of Punjab Gajendragadkar, J. (as he then was) speaking for a three-Judge Bench has focussed on the ultimate test in determining whether the provision has been fairly complied with. He observed thus:*
>
> *"The ultimate test in determining whether or not the accused has been fairly examined under Section 342 would be to inquire whether, having regard to all the questions put to him, he did get an opportunity to say what he wanted to say in respect of prosecution case against him. If it appears that the examination of the accused person was defective and thereby a prejudice has been caused to him, that would no doubt be a serious infirmity.*
>
> *19. Thus it is well settled that the provision is mainly intended to benefit the accused and as its corollary to benefit the court in reaching the final conclusion.*
>
> *20. At the same time it should be borne in mind that the provision is not intended to nail him to any position, but to comply with the most salutary principle of natural justice enshrined in the maxim audi alteram partem. The word "may" in clause (a) of sub-section (1) in Section 313 of the Code indicates, without any doubt, that even if the court does not put any question under that clause the accused cannot raise any grievance for it. But if the court fails to put the needed question under clause (b) of the sub- section it would result in a handicap to the accused and he can legitimately claim that no evidence, without affording him the opportunity to explain, can be used against him. It is now well settled that a*

*circumstance about which the accused was not asked to explain cannot be used against him."*

*7. In the above facts and circumstances, the scope and object of Section 313 of the Cr.PC ought to have been kept in view by the court below having due regard to the nature of the case that was involved and the circumstances that could possibly be sought to be explained by the accused as appearing against him. It was for the accused to have appeared before the court and to have defended himself effectively and to make himself available for the court, to record the statement under Section 313 of the Cr.PC. As already pointed out, the accused - respondent did or did not choose to appear before the courts below, according to his convenience. In that view of the matter, the respondent having effectively taken advantage of the legal position, notwithstanding that he may not have been entitled to such reliefs before the court below in the two appeals that he had preferred during the course of these proceedings. There is no justification in the appellate court having held that there is failure of justice on account of the statement of the respondent - accused not having been recorded under Section 313 of the Cr.PC. Having due regard to the fact that this was a summons case and the respondent himself was to blame for non-compliance with the said provision, no fault could be found either with the petitioner or the trial court. In that view of the matter, the petition is allowed. The judgment of the trial court is affirmed."*

6. આમ, નામદાર સર્વોચ્ચ અદાલતના ***બસવરાજ આર. પાટીલ વી. કર્ણાટક રાજ્ય*** **[2000(8) SCC 740]**, ***શિવાજી સહબ્રાઓ બોબડે વી. મહારાષ્ટ્ર રાજ્ય*** **[(1973)2 SCC 793] અને** ***બિભૂતી ભૂષણ દાસ ગુપ્તા વી. પશ્ચિમ બંગાળ રાજ્ય*** **[AIR 1969 SC 381] ના ચુકાદાઓ**, નામદાર બોમ્બે હાઇકોર્ટના ***હરિકિશન વેદપ્રકાશ અગ્રવાલ વી. બરજોર જોશી*** **(Notice of Motion No.2658/2012, Judgment dated 10/04/2015)નો ચુકાદો** અને નામદાર કર્ણાટક હાઇકોર્ટનો ***આર. વી. કુલકર્ણી વી. દક્ષિણા મૂર્તિ*** **[Cr. Rev. Petition**

**No.437/2010 Judgment dated 28/06/2012] ના ચુકાદાઓમાં** પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંતો ધ્યાને લેતા જણાય છે કે કલમ 313 ની જોગવાઈઓ કુદરતી ન્યાયના સિદ્ધાંત પર આધારિત છે કે કોઈને સાંભળ્યા વિના અને બચાવની તક આપ્યા વિના નિર્ણય ન કરવો જોઈએ અને દરેક વિવાદનો નિર્ણય વાજબી તક આપ્યા પછી થવો જોઈએ. હાલના કેસમાં આરોપીનો જવાબ તા.૧૫/૦૨/૨૦૨૫ ના રોજ નોંધવામાં આવેલ અને ત્યારબાદ આરોપીને પોતાનો કેસ આગળ ચલાવવા માટે પૂરતી તકો આપવામાં આવેલ છે. આરોપી પોતાના સરનામે જ રહેતા હોવા છતાં કેસના કામે હાજર રહેલ નથી. આમ, આરોપીએ કેસની કાર્યવાહીમાં સ્વેચ્છાએ ગેરહાજર રહેવાનું પસંદ કરેલ છે અને આરોપીના વિકલ્પે કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં ન આવે તો ફરિયાદપક્ષને અન્યાય થાય તેવું સ્પષ્ટ છે. આમ, આરોપીને પૂરતી ન્યાયિક તકો આપવા છતાં હાજર રહેલ નથી જેથી છેવટે તા.૧૦/૦૩/૨૦૨૬ ના હુકમથી આરોપીનો વિશેષ નિવેદનનો તબક્કો બંધ કરી કેસ આગળની કાર્યવાહી માટે મૂકવામાં આવેલ.

**7.** ત્યારબાદ હાલની કાર્યવાહી ઉભય પક્ષકારોની દલીલો માટે રાખવામાં આવેલ. ફરિયાદી તરફે વિ.વકીલશ્રીએ દલીલ કરતા ફરિયાદની હકીકતનું પુનરાવર્તન કરેલ છે. વધુમાં દલીલ કરતા વિદ્વાન વકીલશ્રીએ જણાવેલ છે કે આ કામે રજૂ જુબાની અને દસ્તાવેજો આધારે કલમ 138 ના ગુનાના તમામ તત્વો પુરવાર થાય છે. જેથી આરોપીને મહત્તમ સજા તથા ફરીયાદીને ચેકની બમણા રકમનું વળતર અપાવવા માટે અરજ કરેલ છે. આરોપી તર્ફે કોઈ દલીલના તબક્કે હાજર રહેલ નથી.

**8. ઉપરોકત રજુ થયેલો પુરાવો તથા બંને પક્ષની રજુઆતના આધારે સદર કેસના ગુણદોષ ઉપર નિર્ણય કરવા મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.**

**a.** **શું ફરીયાદપક્ષ એ હકીકત પુરવાર કરે છે કે,** આ કામના આરોપીએ ફરિયાદીના બાકી લેણાં સામે ફરીયાદીને **ચેક નં.૦૦૦૦૦૮ નો તા.૨૮/૦૫/૨૦૨૪ ના રોજ રૂા.૯૫,૦૦૦/-- (અંકે રુપિયા પંચાણુ હજાર પુરા) આડીએફસી ફસ્ટ બેન્ક, ખેરાલુ શાખાનો** લખીને આપેલ, જે ચેક ફરીયાદીએ તેમના ખાતાવાળી બેંકમાં જમા કરાવતા તે ચેક વગર વસુલાતે એટલે કે "Funds Insufficient" ના શેરા સાથે પરત ફરેલો છે જેની જાણ ફરીયાદીને

થયાના 30(ત્રીસ) દિવસમાં આરોપીને લેણાં અંગે નોટીસ આપેલી અને તે નોટીસ આરોપીને બજી ગયેલ હોવા છતાં આરોપીએ નિયત સમયમાં ફરીયાદીની રકમ નહી ચુકવી **ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-138** મુજબનો શિક્ષાનેપાત્ર ગુન્હો કરેલ છે ?

**b.** **શું હુકમ** ?

**9. ઉપરોક્ત મુદ્દા અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે.**

**a.** **હકારમાં**

**b.** **આખરી હુકમ મુજબ.**

**નિર્ણયના કારણો**

**મુદ્દા નંબર 1**

**10.** હાલના તબક્કે હાલના કેસમાં રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનુ વિશ્લેષણ કરતાં પહેલા ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, 1881 ની નીચે મુજબની જોગવાઈ ધ્યાને લેવી જરૂરી જણાઈ આવે છે.

*"138. Dishonour of cheque for insufficiency, etc., of funds in the accounts. – Where any cheque drawn by a person on an account maintained by him with a banker for payment of any amount of money to another person from out of that account for the discharge, in whole or in part, of any debt or other liability, is returned by the bank unpaid, either because of the amount of money standing to the credit of that account is insufficient to honour the cheque or that it exceed the amount arranged to be paid from that account by agreement made with that bank, such person shall be deemed to have committed an offence and shall, without prejudice to any other provision of this Act, be punished with imprisonment for [a term which may be extended to two years], or with fine which may extend to twice the amount of the cheque, or with both:*

*Provided that nothing contained in this section shall apply unless –*

*(a) the cheque has been presented to the bank within a period of six months from the date on which it is drawn or within the period of its validity, whichever is earlier ;*

*(b) the payee or the holder in due course of the cheque, as the case may be, makes a demand for the payment of the said amount of money by giving a notice in writing, to the drawer of the cheque, [within thirty days] of the receipt*

*of information by him from the Bank regarding the return of the as unpaid, and*

*(c) the drawer of such cheque fails to make the payment of the said amount of money to the payee or as the case may be, to the holder in due course of the cheque within fifteen days of the receipt of the said notice.*

*Explanation : For the purposes of this section, "debt or other liability" means a legally enforceable debt or other liability."*

11. આ કામે ફરીયાદીએ **ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, 1881 ની કલમ-138ની** આદેશાત્મક જોગવાઇઓનુ પાલન કરેલ છે કે કેમ તે જોવુ જરૂરી છે. જેથી આ તબક્કે નામ. **સર્વોચ્ચ અદાલત દ્વારા *અપર્ણા એ. શાહ વિરૂધ્ધ શેઠ ડેવલપર્સ પ્રાઇવેટ લીમીટેડ*, [2013 (8) SCC 71]** ઉપર પ્રસિધ્ધ ચુકાદાના પેરેગ્રાફ નં.૮ ઉપર નીચે મુજબની ચર્ચા કરેલ છે.

*8. In order to constitute an offence under **Section 138 of the N.I. Act,** this Court, in Jugesh Sehgal vs. Shamsher Singh Gogi, (2009) 14 SCC 683, noted the following ingredients which are required to be fulfilled:*

*"(i) a person must have drawn a cheque on an account maintained by him in a bank for payment of a certain amount of money to another person from out of that account;*

*(ii) the cheque should have been issued for the discharge, in whole or in part, of any debt or other liability;*

*(iii) that cheque has been presented to the bank within a period of six months from the date on which it is drawn or within the period of its validity whichever is earlier;*

*(iv) that cheque is returned by the bank unpaid, either because of the amount of money standing to the credit of the account is insufficient to honour the cheque or that it exceeds the amount arranged to be paid from that account by an agreement made with the bank;*

*(v) the payee or the holder in due course of the cheque makes a demand for the payment of the said amount of money by giving a notice in writing, to the drawer of the cheque, within 15 days of thereceipt of information by him from the bank regarding the return of the cheque as unpaid;*

*(vi) the drawer of such cheque fails to make payment of the said amount of money to the payee or the holder in due course of the cheque within*

*15 days of the receipt of the said notice.*
*Being cumulative, it is only when all the aforementioned ingredients are satisfied that the person who had drawn the cheque can be deemed to have committed an offence under Section 138 of the Act.”*

12. **હાલના કેસની હકીકત જોવામાં આવે તો** ફરિયાદીની આંક--૦૪ ની જુબાની મુજબ આ કામના આરોપીએ ફરિયાદી પાસેથી રકમ લીધેલ જે પેટે બાકી સામે આરોપીએ ફરીયાદીને **ચેક નં. ૦૦૦૦૦૮ નો તા.૨૮/૦૫/૨૦૨૪ ના રોજ રૂા.૯૫,૦૦૦/-- (અંકે રુપિયા પંચાણુ હજાર પુરા) આડીએફસી ફસ્ટ બેન્ક, ખેરાલુ શાખાનો** લખીને આપેલ. ફરિયાદીએ તેમની આ જુબાનીના સમર્થનમાં **આંક-૨૬** થી આ અસલ ચેક રજુ કરેલ છે. **આંક-૨૬** વાળા ચેકમાં આરોપીની સહી ના હોવાની કોઈ તકરાર લેવામાં આવેલી નથી જેથી, **આંક-૨૬** વાળો ચેક આરોપીના ખાતાનો અને તેમાં આરોપીની સહી હોવાની ફરિયાદપક્ષના સાહેદની જુબાની ના માનવાને કોઈ કારણ નથી. આમ, ફરિયાદપક્ષના સાહેદની જુબાનીથી **આંક-૨૬** વાળા તકરારી ચેકમાં આરોપીની સહી હોવાનુ પુરવાર થાય છે.

13. જેથી હાલના તબક્કે નામદાર **ગુજરાત હાઈકોર્ટનો *"ગીરીશભાઈ નટવરભાઈ પટેલ વિ.ગુજરાત રાજ્ય"* [2006(1) GLR 786] નો ચુકાદો** જોતા નામદાર ગુજરાત હાઈકોર્ટે આ ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે કે, જયારે ચેકમાંની સહી આરોપીની હોવાનુ પુરવાર થાય ત્યારે અદાલતોએ **ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-139** અન્વયેનુ અનુમાન કરવાનુ રહે છે. નામદાર સર્વોચ્ચ અદાલતે ***"કે.એન.બીના વિ.મુનીયપ્પન"* [(2001) Cr.L.J. 1745] ના કેસમાં** તથા નામદાર ગુજરાત વડી અદાલતે ***"હીતેનભાઈ પારેખ પ્રોપરાઈટર-પારેખ એન્ટરપ્રાઈઝ વિ.ગુજરાત રાજય અને બીજાઓ"* [2009(3) GLH 742] ના ચુકાદા**માં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેવામાં આવે તો **સદરહુ કાયદાની કલમ-139 હેઠળની જોગવાઈ** મુજબ જયાં સુધી વિરૂધ્ધની હકીકતો સાબિત કરવામાં ન આવે ત્યાં સુધી ચેકના ધારણકર્તાને આવો ચેક કોઈ દેવુ અથવા અન્ય જવાબદારીની અદાયગી પેટે આપવામાં આવેલ છે તેવુ અદાલતે અનુમાન કરવાનુ જ રહે છે.

14. હાલના કેસમાં **આંક-૨૬** વાળા તકરારી ચેકમાં આરોપીની સહી હોવાનુ પુરવાર થતુ હોય **આંક-૨૬** વાળો તકરારી ચેક આરોપીએ તેના કાયદેસરના દેવા/જવાબદારી પેટે ફરિયાદીને આપેલ હોવાનુ અનુમાન કરવાનુ રહે છે એટલે કે, તકરારી ચેક ફરિયાદીના કાયદેસર રીતે વસુલ કરી શકાય તેવા કાયેદસરના લેણાની ચુકવણી પેટે આરોપી દ્વારા આપવામાં આવેલ હોવાનુ અનુમાન કરવાનુ રહે છે.

15. નામદાર સર્વોચ્ચ અદાલતે ***"કે.એન.બીના વિ. મુનીયપ્પન"*** **[(2001) Cr.L.J.1745] ના ચુકાદામાં** તથા ***"હીતેન પી. દલાલ વિ. બ્રતીન્દ્રીનાથ બેનરજી"*** **[(2001) Cr.L.J. 4647] ના ચુકાદામાં** તથા નામદાર ગુજરાત હાઈકોર્ટે ***"ગીરીશભાઈ નટવરભાઈ પટેલ વિ. ગુજરાત રાજય"*** **[2006(1) GLR 786] ના ચુકાદામાં** પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેવામાં આવે તો **ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-139** અન્વયેનુ અનુમાન એ ખંડનીય અનુમાન છે, એટલે કે, આ અનુમાનથી વિરૂધ્ધનો પુરાવો રજુ કરવાથી અનુમાનનુ ખંડન થઈ શકે છે પરંતુ આ અનુમાનનુ ખંડન કરવાની જવાબદારી આરોપી પક્ષની છે અને તકરારી ચેક આરોપીએ તેના કાયદેસરના દેવા/જવાબદારી પેટે ફરિયાદીને આપેલ ન હતો તે પુરવાર કરવાની જવાબદારી આરોપી પક્ષ ઉપર રહેલી છે. નામદાર સર્વોચ્ચ અદાલતે **"હિતેન પી.દલાલ વિ. બ્રતીન્દ્રીનાથ બેનરજી" [(2001) Cr.L.J. 4647] ના ચુકાદામાં** પ્રસ્થાપિત કરેલ છે કે, **ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-139 અન્વયેનુ** અનુમાન હકીકતોનુ અનુમાન નથી પરંતુ કાયદાનુ અનુમાન છે અને આથી જ કાયદાના આવા અનુમાનનુ ખંડન સંતોષકારક એવા પુરાવાઓથી બચાવપક્ષે કરવાનુ રહે છે એટલે કે, આ અનુમાનનુ ખંડન વાજબી અને પ્રતિતિજન્ય રીતે થઈ શકે તેવો પુરાવો રેકર્ડ ઉપર લાવવાની જવાબદારી બચાવપક્ષની છે.

16. આ અનુમાનનુ ખંડન થાય તેવો પુરાવો રેકર્ડ ઉપર લાવવા આરોપીએ જાતે જુબાની આપવી જરૂરી નથી કે તેને જાતે પુરાવો રજુ કરવો જરૂરી નથી પરંતુ આ અનુમાનનુ ખંડન કરવા ફરિયાદપક્ષ તરફથી રજુ થયેલા પુરાવા ઉપર પણ આરોપી આધાર રાખી શકે એટલે કે, તકરારી ચેક આરોપીએ તેના કાયદેસરના દેવા કે જવાબદારી પેટે આપેલ ના હોવાનો આરોપીનો બચાવ સાચો હોવાની

પ્રતિતિ કરાવે તેવો અને વાજબી પુરાવો રેકર્ડ ઉપર આવેલો હોવો જોઈએ કે જે આરોપીપક્ષનો પુરાવો હોય કે ફરિયાદપક્ષનો પુરાવો હોય. તકરારી ચેક કાયદેસરના દેવા પેટે આપેલ ન હતો તેવુ આરોપીએ નિ:શંકપણે પુરવાર કરવાનુ હોતુ નથી પરંતુ સંભાવનાની પ્રબળતાના સિધ્ધાંતના આધારે તે નક્કી કરવાનુ રહે છે. સામાન્ય રીતે ફોજદારી કેસોમાં ફરિયાદપક્ષે આરોપીનો ગુન્હો સાબિત કરવાની જવાબદારી રહેલ હોય, તેવી જવાબદારી નથી. પરંતુ આરોપીએ પ્રબળ સંભાવના કે સંજોગો એટલે કે, **પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટીઝ(Preponderance of Probabilities) રેકર્ડ** પર લાવવી પડે અથવા તેવા સંજોગો દર્શાવવા પડે, જે પરથી ફરીયાદપક્ષના કેસ પર વ્યાજબી શંકા ઉદભવે કે જેથી આપેલ ચેક એ કાયદેસર દેવા પેટે આપેલ નથી, તેવું સામાન્ય સંજોગોમાં માનવા માટે અદાલત પ્રેરાય અને આવા સંજોગો રેકર્ડ પર આવ્યેથી આરોપીએ આપેલ ચેક તે કાયદેસરના દેવા પેટે કે બીજી કોઇપણ કાયદેસરની જવાબદારી અદા કરવા માટે આપેલ છે, તેવું શંકાથી પર ફરિયાદપક્ષે સાબિત કરવાની જવાબદારી ઉભી થાય, પરંતુ ત્યાં સુધી આ ચેક કાયદેસરના દેવા પેટે આપેલ છે, તેવું જ અનુમાન થાય. આ **અધિનિયમની કલમ-139 હેઠળ**ના કાનુની અનુમાનને આરોપીપક્ષ વાજબી અને પ્રતિતિજન્ય રીતે ખંડીત કરી શકેલ છે કે કેમ તે પ્રત્યેક કેસમાં રજુ થયેલ પુરાવાની વિગતો ઉપર અવલંબે છે.

**17.** આ કેસમાં રજુ થયેલ પુરાવાનુ મુલ્યાંકન કરતા પહેલા નામદાર સર્વોચ્ચ અદાલતે કાયદાના અનુમાનનુ ખંડન કરવા સબંધે ***"ધન્વન્તરાય બળવંતરાય દેસાઈ વી. મહારાષ્ટ્ર સરકાર"*** **[AIR 1964 SC 575] તેમજ** ***"હિતેન પી.દલાલ વિ. બ્રતીન્દ્રીનાથ બેનરજી"*** **[(2001) Cr.L.J. 4647]ના ચુકાદા**માં જે સમજ આપેલી છે તે ધ્યાને લેવી જરુરી છે. નામદાર સર્વોચ્ચ અદાલતે ***"ધન્વન્તરાય બળવંતરાય દેસાઈ વી. મહારાષ્ટ્ર સરકાર""*****ના ચુકાદા**માં પેરા 12માં નોંધેલ છે કે,

> *"12. ...........The burden resting on the accused person in such a case would not be as light as it is where a presumption is raised under S. 114 of the Evidence Act and cannot be held to be discharged merely by reason of the fact that the explanation offered by the accused is reasonable and probable. It must further be shown that the explanation is a true one. <u>The words ''unless the contrary is proved'' which occur in this provision make it clear that the presumption has to be rebutted by 'proof' and not by a bare explanation which is merely</u>*

> *<u>plausible.</u> A fact is said to be proved when its existence is directly established or when upon the material before it the Court finds its existence to be so probable that a reasonable man would act on the supposition that it exists. Unless, therefore, the explanation is supported by proof, the presumption created by the provision cannot be said to be rebutted."*

નામદાર સર્વોચ્ચ અદાલતએ તેમના ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે કે, જયારે કાયદાની જોગવાઇમાં **''unless the contrary is proved'' શબ્દો**નું પ્રયોજન કરવામાં આવેલું હોય ત્યારે આવા અનુમાનનું ખંડન માત્ર ખુલાસાઓથી નહી પરંતુ પુરાવાથી જ થઇ શકે.

18. નામદાર સર્વોચ્ચ અદાલતે તેમના ***"હિતેન પી.દલાલ વિ. બ્રતીન્દ્રીનાથ બેનરજી"* ના ચુકાદામાં** નોંધેલ છે કે,

> *"23. ............ In the case of discretionary presumption if drawn may be rebutted by an explanation which "might reasonable by true and which is consistent with the innocence" of the accused. On the other hand in the case of a mandatory presumption "the burden resting on the accused person in such a case would not be as light as it is where a presumption is raised under S. 114 of the Evidence Act and cannot be held to be discharged merely by reason of the fact that the explanation offered by the accused is reasonable and probable. It must further be shown that the explanation is a true one......."*

19. નામદાર સર્વોચ્ચ અદાલતે તેમના ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે કે, કાયદાના અનુમાનનું ખંડન કરવા માટે આરોપીએ તેમના બચાવ માટે કરેલ ખુલાસો વાજબી અને સંભવીત હોવો તેટલું પુરતું નથી પરંતુ આ ખુલાસો સાચો છે તેવું લાગવું જોઇએ.

**20. ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ 1881 ની કલમ-138** અને તેને સંલગ્ન અન્ય જોગવાઈઓ આ કાયદામાં નવો સુધારા કરી ઉમેરવામાં આવેલી છે. આ કાયદામાં આ સુધારો દેશમાં બેંક મારફતે થતા નાણાંકીય વ્યવહારોની વિશ્વસનીયતા વધારવા અને તેને મજબુતી આપવા માટે કરવામાં આવેલી છે અને ધંધાકીય વ્યવહારો તેમજ વ્યકિતગત કરાર અન્વયે ચેકથી કરવામાં

આવેલ વ્યવહારો વિશ્વસનીય બને તે તે હેતુથી આ સુધારો કરવામાં આવેલ છે.

21. **ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-139** અન્વયેનુ કાયદાના અનુમાનનુ ખંડન કરવામાં આરોપી સફળ થયેલ છે કે નહી તે નક્કી કરવા કેસમાં રજુ થયેલ પુરાવાઓનુ મુલ્યાંકન આ કાયદામાં સુધારો જે હેતુથી કરવામાં આવેલો છે તે હેતુ ધ્યાને રાખી અને નામદાર સર્વોચ્ચ અદાલતે ***"ધન્વન્તરાય બળવંતરાય દેસાઈ વી. મહારાષ્ટ્ર સરકાર""*** **ના ચુકાદામાં તથા** ***"હિતેન પી.દલાલ વિ. બ્રતીન્દ્રીનાથ બેનરજી"*** **ના ચુકાદામાં** પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને રાખી કરવાનુ રહે છે.

22. હાલના કેસમાં આરોપી તર્ફે કોઈ જ બચાવ લેવાંમાં આવેલ નથી. આરોપી તરફે **આંક-૦૪** થી રજૂ થયેલ સરતપાસ ઉપર ફરિયાદીની ઉલટતપાસ કરવામાં આવેલ નથી. આમ, ફરિયાદીની જુબાનીમાં જણાવેલ હકીકતો ઉપર આરોપીપક્ષ દ્વારા કોઈ શંકા ઉત્પન્ન કરવામાં આવેલ નથી. વધુમાં બચાવપક્ષ દ્વારા વિશેષ નિવેદન પણ આપવામાં આવેલ નથી.

23. આમ, આરોપી પક્ષ **ધી નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ - 139** મુજબના અનુમાનનું ખંડન કરવામાં સફળ રહેલા નથી અને તેથી **આંક-૨૬** વાળો ચેક આરોપીએ તેમના કાયદેસરના દેવા પેટે ફરીયાદીને આપેલ હોવાનું અનુમાન આખરી અને નિર્ણાયક બની રહે છે. આમ, ફરીયાદી **આંક-૨૬** વાળો ચેક કાયદેસરના દેવા પેટે ધારણ કરતાં હોવાનું પુરવાર થાય છે.

24. ફરિયાદીની જુબાની મુજબ આરોપીએ આપેલ ચેક ફરિયાદીએ તેમના બેંકમાં નાખતા તે ચેક "Funds Insufficient" ના શેરાથી રિટર્ન મેમો સાથે પરત ફરેલ. ફરિયાદીએ તેમની જુબાનીના સમર્થનમાં **આંક-૨૬** થી **ચેક નં.૦૦૦૦૦૮ નો તા.૨૮/૦૫/૨૦૨૪ ના રોજ રૂા.૯૫,૦૦૦/-- (અંકે રુપિયા પંચાણુ હજાર પુરા) આડીએફસી ફસ્ટ બેન્ક, ખેરાલુ શાખાનો** રજૂ રાખેલ છે તથા **આંક -૨૮** થી તા.૩૧/૦૫/૨૦૨૪ નો રિટર્ન મેમો રજૂ રાખેલ છે જે ચેક નં.૦૦૦૦૦૮ નો રિટર્ન મેમો છે અને **"Funds Insufficient"** ના કારણથી પરત ફરેલ હોવાનો શેરો કરવામાં આવેલ છે. આમ, **આંક-૨૬** વાળો ચેક તથા **આંક-૨૮** વાળો રિટર્ન મેમો જોતા એ પુરવાર થાય છે કે

ફરિયાદીએ તકરારી ચેક સમય મર્યાદામાં તેમની બેંકમાં રજૂ કરતા આરોપીના ખાતામાં અપૂરતા ભંડોળના કારણે પરત ફરેલો.

**25.** વધુમાં આ **આંક-૦૪** વાળી જુબાની મુજબ ચેક રિટર્ન થતા ફરિયાદીએ આરોપીને વકીલ શ્રી મારફતે તારીખ-૧૯/૦૬/૨૦૨૪ ના રોજ કાનૂની નોટીસ આપેલ અને તે આર.પી.એડીથી આપેલ નોટિસ આરોપીના સરનામે તારીખ-૨૦/૦૬/૨૦૨૪ના રોજ બજી ગયેલ છે. ફરિયાદીએ જુબાનીના સમર્થનમાં **આંક-૩૦** થી નોટિસ રજૂ કરેલ છે **આંક-૩૧** થી આરપીડીની પોસ્ટની પાવતી સફેદ પાવતી રજૂ કરેલ છે તેમજ **આંક-૩૨ થી** એકનોલેઝમેન્ટ સ્લીપ તથા **આંક-33** થી પોસ્ટનો ટ્રેકિંગ રિપોર્ટ રજૂ કરેલ છે. આમ, આરોપીને યોગ્ય સરનામે નોટિસ મોકલવામાં આવેલ છે જે આરોપી દ્વારા સ્વીકારવામાં આવેલ છે જેથી નોટિસ બજી ગયેલ હોવાનું પુરવાર થાય છે. આમ, ફરિયાદીની જુબાની અને ફરિયાદીએ રજુ કરેલ દસ્તાવેજો ઉપરથી એ પુરવાર થાય છે કે ફરિયાદીને નાણાં ન મળતા ફરિયાદીએ આરોપીને ચેક પરત ફર્યાની નિયત સમયમાં નોટિસ આપેલી છે.

**26.** ઉપરોક્ત વિગતો જોતા આરોપીને તારીખ-૨૦/૦૬/૨૦૨૪ ના રોજ નોટિસ બજી ગયેલ અને ત્યારબાદ તારીખ-૨૧/૦૯/૨૦૨૪ ના રોજ હાલની ફરિયાદ રજૂ કરવામાં આવેલ છે. કાયદાની જોગવાઈ પ્રમાણે નોટિસ મળ્યા બાદ નોટિસનો અમલ કરવા કાયદાથી નિયત કરેલ 15 દિવસનો સમય આપ્યા બાદ કાયદાથી નિયત કરેલ એક માસના સમયગાળામાં ફરિયાદ રજૂ કરવાની હોય છે. જે મુજબ હાલની ફરિયાદ તારીખ-૨૧/૦૯/૨૦૨૪ સુધીમાં એટલે કે સમય મર્યાદામાં અદાલત સમક્ષ રજૂ કરવામાં આવેલ છે. આમ, ફરિયાદીએ **ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-138** ના પ્રોવાઈઝો એ,બી અને સી ની જોગવાઈઓનું પાલન કરેલ છે.

**27.** આમ, ઉપરોક્ત ચર્ચા મુજબ નામ. સર્વોચ્ચ અદાલત દ્વારા ***અપર્ણા એ. શાહ વિરૂધ્ધ શેઠ ડેવલપર્સ પ્રાઇવેટ લીમીટેડ***, **[2013 (8) SCC 71] ઉપર પ્રસિધ્ધ ચુકાદા**ના પેરેગ્રાફ નં.૮માં કરેલ ચર્ચા મુજબ ગુનાના તત્વો હાલના કેસમાં ફરિયાદીએ નિઃશંકપણે પુરવાર કરેલ છે.

**28.** આમ, ફરિયાદી તકરારી ચેક તેમના કાયદેસરના લેણા પેટે ધરાવતા હોવાનુ પુરવાર થતુ હોય અને આરોપીએ તેમના દ્વારા નિભાવવામાં આવતા ખાતાનો આ ચેક તેમના દેવા પેટે ફરિયાદીને આપેલાનુ પુરવાર થતુ હોય તેમજ ફરિયાદપક્ષ દ્વારા **ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની**

**કલમ-138** ના પ્રોવાઈઝો એ,બી અને સી ની જોગવાઈઓનુ પાલન કરવામાં આવેલ હોય ફરિયાદપક્ષ એ નિઃશંકપણે પુરવાર કરી શકેલા છે કે, આરોપીએ ફરિયાદીની કાયદેસરની લેણી રકમ પેટે ફરિયાદીને **ચેક નં.૦૦૦૦૦૮ નો તા.૨૮/૦૫/૨૦૨૪ ના રોજ રૂા.૯૫,૦૦૦/-- (અંકે રુપિયા પંચાણુ હજાર પુરા) આડીએફસી ફસ્ટ બેન્ક, ખેરાલુ શાખાનો** આપેલ, તે ચેક ફરિયાદીએ તેમની બેંકમાં જમા કરાવતા **"Funds Insufficient"** ના શેરા સાથે ચેક પરત ફરતા ફરિયાદીએ આરોપીને કાયદેસરની નોટિસ આપવા છતાં આરોપીએ ચેકના નાણાં ના ચુકવી **ઘી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ 1881ની કલમ-138** મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે. જેથી **મુદા નં.1** નો જવાબ હકારમાં આપવામાં આવેલ છે

**29.** ફરીયાદનું સ્વરૂપ, ગુનાનો પ્રકાર અને રજુ થયેલા પુરાવો ધ્યાને લેતાં તેમજ ફરીયાદ પક્ષે આર્થિક નુકશાન સહન કરેલ હોય તેવું સ્પષ્ટ બનેલ છે. આ સંજોગોમાં આરોપીને ન્યુનતમ સજા ના કરતાં અને આરોપીને મહત્તમ સજા ના કરતાં આરોપીને આ ગુનો આચર્યાનો અહેસાસ થાય તેવી સજા ફરમાવવામાં આવે તો ન્યાયનો હેતુ પાર પડે તેમ આ અદાલતનું માનવું છે જેથી **મુદ્દા નં. 2** પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## <u>આખરી હુકમ</u>

1 **ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ ૨૭૮(૨)** અન્વયે આ કામના **આરોપી ખાટકી સતારભાઇ સરફરાજભાઇ તે કેજીએન મટન શોપના પ્રોપરાઇટર,ઉ.વ.આ.૩૮, ધંધો-વેપાર, રહે.ખાટકી વાસ,મુ.તા.ખેરાલુ,જિ.મહેસાણા**વાળાને **ઘી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ 1881ની કલમ-138** મુજબના ગુનામાં તકસીરવાન ગુનામાં તકસીરવાન ઠરાવી 01(એક) વર્ષની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે.

2 **ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ - ૩૯૫ (3**) હેઠળ આરોપીએ ફરીયાદીને રુપિયા ૯૫,૦૦૦/– (અંકે રુપિયા પંચાણુ હજાર પૂરા) વળતર તરીકે હુકમની તારીખથી 30 (ત્રીસ) દિવસમાં ચુકવવાનો હુકમ કરવામાં આવે છે. આરોપી જો વળતરની રકમ 30 (ત્રીસ) દિવસમાં ન

ભરે તો તેમના વિરુદ્ધ **ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ ૪૭૧** હેઠળની કાર્યવાહી કરવાનો હુકમ કરવામાં આવે છે અને જો આ કાર્યવાહીમાં કોઈ રકમ વસૂલ ના થાય તો આરોપીએ ફરિયાદીને વળતરની રકમ ન ચૂકવવા બદલ વધુ ૩(ત્રણ) માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

3 ચુકાદાની જાહેરાત સમયે આરોપી હાજર રહેલ ન હોય આરોપી સામે પકડ વોરંટ કાઢવાનો હુકમ કરવામાં આવે છે અને આરોપી પકડાઇને આવ્યે થી **ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ -૪૫૮(૨)** મુજબ આરોપી સામે સજાના અમલ સારું સજા વોરંટ જારી કરવાનો હુકમ કરવામાં આવે છે.

ઉપરોક્ત હુકમ આજરોજ તા. **૦૬ ઠ્ઠી, માહે: એપ્રિલ, સને: ૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં લખી, વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**તારીખ:૦૬/૦૪/૨૦૨૬**
**સ્થળ: વડનગર**

**(કૃતેષકુમાર નરેન્દ્રપ્રસાદ જોષી)**
**જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ, વડનગર,**
**જી. મહેસાણા**
**(જજ કોડ નં.GJ01689)**